
# સુનીલ શાહની ડહાપણની ડાળ

**સ્વચ્છ છાયાછબિઓથી છલકાતું ને બૌદ્ધિક તડતડિયા બોલાવતું એક ચલચિત્ર છે ‘ ધ વિઝડમ ટ્રી ’, રાઇટર, ડાયરેક્ટર આપણા ગુજરાતી જુવાન સુનીલ શાહ.**

**નીલે ગગન કે તલે**

**મધુ રાય**

ડાર્ક થિયેટરમાં તમે બેઠા છો ને ફિલ્મ જુઓ છો કે ખુલ્લા મેદાનમાં એક ગાડી ખડી છે, ને પાસે જમીન ઉપર એક લોહીલુહાણ યુવાન ઢળેલો છે. નગરનો શેરિફ તેને હોસ્પિટાલમાં મોકલાવે છે જ્યાં એક સ્વરૂપવાન ડોક્ટર તૃષા રાવ તેને પ્યારના પ્યાલા પાઈને તથા થિયરીઝનાં કમંડળ રેડીને સાજો કરે છે. પણ હલો! ધડધડધડામ્મ! એકાએક મસ્તિષ્કના ચેતાકોષોના વિસ્ફારિત ચિત્રથી સ્ક્રીન ભરાઈ જાય છે, ટુડીમાંથી શીખબર કઈ ભસ્મથી થ્રીડી થઈને તે ચેતાકોષોનો કાફલો, તે સાયનેપ્સિસનો હુમલો તમારી ખોપરી ઉપર ચઢી આવે છે, તમે ફિલ્મી હિપ્નોસિસના માર્યા વિશેષણોનો દાબડો બંધ કરીને ફક્ત શબ્દાતીત સ્તરે એ ચક્ષુમિષ્ટીનો મહિમા માણો છો.




પણ એ યુવાનને લોહીલુહાણ માર મારેલો છે કોણે? ભેદ શો છે, આ ઘટનાનો? એક ક્વાન્ટમ ફીઝિસિસ્ટ, એક ન્યુરોસાયન્ટિસ્ટ, અને એક એફબીઆઈનો એજન્ટ બાંયો ચડાવી, નાક દબાવીને કૂદી પડે છે આ ઘોર અઘોર સંસાર સાગરના અતલ પેટાળમાં, અને બસ્સ્સ્સ! ચકડોળે ચડે છે એક મલ્ટીડાયમેન્શનલ, મલ્ટીલેયર્ડ, મલ્ટીવર્સમાં મલપતી મલ્ટીપલ ઈન્ટરપ્રિટેશન્સની કથા, જેનો કેડો પકડવામાં તમારા માથાના વાળ ધોળા થઈ જાય છે કેમકે ‘કેઓસ ઈઝ વોટ ધ વર્લ્ડ ઈઝ મેઈડ ઓફ’ અને સાહેબ, માણસ મથી મથીને તેમાંથી કશીક પેટર્ન ખોળવા જાય છે, જે છે જ નથી. કે છે? કે છે પણ, ને નથી પણ? સત્ય શું છે માયા એટલે જગત, યાહ? સત્ય એટલે બ્રહ્મ ને જગત એટલે મિથ્યા? આ નથી, આ નથી, આ હશે? કે તે હશે?

આ ત્રણે ગુનાશોધકોના હાથમાં કાચની સામે કાચ જેવી ઈન્દ્રજાળ એકથી વિશેષ વાસ્તવો ધરે છે, તમે પસંદ કરો કયો વાસ્તવ તમને વાસ્તવિક લાગે છે? પણ સચમુચ વાસ્તવ કશું છે જ નહીં, વાસ્તવ તે માણસે કલ્પેલી ઉપજ છે. વિજ્ઞાન, કળા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, સંગીત, અધ્યાત્મ, અને સાયન્સ ફિક્શન તથા સસ્પેન્સ વગેરે આંધળાલોકો હાથીને વર્ણવે તેવાં અધૂરાં છે. બસ, દર્શક મિત્રો ફિલ્લમ જુઓ ને દાંત વચ્ચેથી આંગળી કાઢીને લમણે ટિકાવો, બુદ્ધમ્, હું તારે શરણે છઉં! ક્વાન્ટમ્ હું તારે શરણે છઉં!

સ્વચ્છ, નયનરનમ્ય છાયાછબિઓથી છલકાતું ને બૌદ્ધિક તડતડિયા બોલાવતું એ ચલચિત્ર છે ‘ધ વિઝડમ ટ્રી’, રાઈટર, ડાયરેક્ટર આપણા ગુજરાતી જુવાન સુનીલ શાહ, મુકામ પોસ્ટ સાન ફ્રાન્સિસ્કો, અમેરિકા. સેનેમેટોગ્રાફી બાય તેના બ્રધર પીયૂષ શાહ જેણે (હેંહેંહેં) ‘વ્હોટ્સ યોર રાશિ’ જેવી અજોડ ફિલ્મોને ફિલ્માવી છે. તદ્દન નવા અમેરિકન અદાકારો સાથે માત્ર એક ઈન્ડિયન જુવતી શીતલ શેઠને લઈને ઈંગ્લિશમાં બનાવેલી આ ફિલ્મમાં શું નથી! સનસન સનનન સસ્પેન્સ, જૈનોનો સ્યાદવાદ, બૌદ્ધોનો બૌદ્ધવાદ, વેદોપનિષદમાં જે વાદ હોય તે સનાતન વાદ, પ્લસ ક્વાન્ટમ ફીઝિક્સ, મનોવિજ્ઞાન, મગજની પેશીઓનું જીવવિજ્ઞાન, આઈન્સટાઈન, ઓપનહાઈમર, શંકરાચાર્ય અને મોહન ગાંધી જેવા અન્ય અનેકોની ઉક્તિઓ. અને નથી તે હોલિવૂડી ધાંય ધાંય, ઢિશુમ, કિસિંગ રોમાંસ કે કોમેડી, કે નથી બોલિવૂડી ગાણાં, ને કોરસનાં બજાણાં. પોતાની ગાંઠના ને મિત્રોના પૈસે ધગશથી, જતનથી ને પ્રેમથી અમેરિકામાં બનાવેલી આ ‘ઈન્ડી’ ફિલ્મને હોલિવૂડના ‘સ્ટાર વોર્સ’વાલા જોર્જ લુકાસનો સ્પેશ્યલ ઈફેક્ટ્સનો સ્ટૂડિયો છ મહિના માટે ફ્રી મળેલો જેથી ઉપર જણાવેલી કમ્પ્યુટર ગ્રાફિક્સની કમાલ સંભવી છે. બીજાં તમામ ટેકનીકલ કાર્યો કાર્યક્ષમરીતે પાર પડ્યાં છે. અભિનયમાં અમેરિકામાં ઊછરેલાં ગુજરાતી અભિનેત્રી નાયિકા શીતલ શેઠે પહેલાં હોલિવૂડ અને ઈન્ડી ફિલ્મોમાં કામ આપ્યું છે જેમની સૌમ્ય તરલતા ફિલ્મને દીપાવે છે. બીજા બધા અદાકારો ઉમંગથી ભૂમિકાઓ નિભાવે છે. શ્વેતા ઝવેરીનું રંજક સિતારવાદન તો ફિલ્મની સ્ટોરીમાં જ ગુંથાયેલું છે. કિંતુ નજર બાંધી લે છે સિનેમેટોગ્રાફી. ‘ધ વિઝડમ ટ્રી’ યાને બોધિવૃક્ષ કે ડહાપણની ડાળ હજી ગામે ગામ પ્રિવ્યૂ શો નાખીને પગના અંગૂઠે પાણી ચકાસી જુએ છે. ફિલ્મની વેબસાઈટ ઉપર મોટા મોટા માણસોનાં આ ફિલ્મની પ્રશંસાનાં મંતવ્યો છે (thewisdomtreefilm.com). પણ વેઈટ!

ગગનવાલા ખેદપૂર્વક નોંધે છે કે સ્ટોરી તે આ ફિલ્મનું સૌથી કેઓટિક અંગ છે. બસ્સો અઢાર મિનિટની ફિલ્મ સૈદ્ધાન્તિક તત્ત્વજ્ઞાનનાં અવતરણોની મશીનગનથી શરૂ થાય છે અને પૂરી થયા બાદ બી ફરીથી ક્વોટેશનોનાં ડ્રોન વિમાન તમારા ઓલરેડી લોહીલુહાણ ભેજાને ફરધર હલાલ કરે છે. ફિલ્મ તે થિસિસ નથી, ફિલ્મમાં તમે જે વર્ણવો તે થિયરીટિકલી બિલકુલ ખોટું હોય તો બી કોઈને પડી નથી. સ્પીલબર્ગની ‘ક્લોઝ એન્કાઉન્ટર્સ ઓફ ધ થર્ડ કાઈન્ડ’માં ધાકડ ફ્રેન્ચ ડિરેક્ટર ફ્રાન્સ્વા ત્રુફો રોલ કરે છે. પણ તેણે છડેચોક કહેલું કે હું કાંઈ આઉટર સ્પેસમાં કોઈ ગ્રીન મેનનું સિવિલાઈઝેશન હોય તેવું માનતો નથી. યાને ફિલ્મ તે ડોક્યુમેન્ટરી નથી, એજ્યુકેશનલ લેક્ચર નથી. લેખકે બીજા ‘થિન્કરો’ની આંગળીઓ ઝાલવાની જરૂર નથી. ગુંજામાંથી સોની નોટ કાઢીને ટિકિટ લેનારને વાઈફ, બોસ, બેટાબેટીઓ ને બસ કન્ડક્ટર બધા લેક્ચર આપે છે, તેને બોધ કરતાં બે ઘડી આ ‘કેઓટિક’ દુનિયા ભૂલીને ફેન્ટેસીના આલમમાં લહેરિયાં કરવાની જરૂર છે. દિગ્દર્શક તરીકે સુનીલ અંકલે કશું જ ચીલાચાલુ આચર્યું નથી. પણ લેખક માટે ‘ડહાપણ’ નહીં ‘ગાંડપણ’ અનિવાર્ય છે. સુનીલઅંકલમાં તે ‘કન્ટ્રોલ્ડ લ્યૂનસી’ નથી જેમાંથી ક્રિયેટિવ જૂસ છલકતો હોય છે. ચિત્ર, સંગીત, સાયન્સ, શિલ્પ, સ્થાપત્ય, સ્ટોરી વ્હોટેવર કોઈપણ ક્રિયેટિવ વસ્તુ આ સૃષ્ટિનું એક ‘ટેન્ટેટિવ ઈન્ટરપ્રિટેશન’ છે, જે અલબત્ત ‘સબ્જેક્ટિવ’ છે, અને બાય ધ સેઈમ ટોકન અધૂરું છે.

બસ, ફિલ્મ જોયા પછી અડતાલીસ કલાક બાદ ગગનવાલા ભાનમાં આવે છે, ને આ અવલોકન લખે છે. પ્રથમ તો વધારે પડતા ઈંગ્લિશ વર્ડોની ફુટાણી માર્યા બદલા વાચકની માફી માગે છે. પણ લિસન! બેભાન અવસ્થામાં ગગનવાલાને ફેન્ટેસી થયેલી કે સુનીલ અંકલ ગગનવાલાની લૂનેટિક સ્ટોરી ઉપરથી ફિલ્મ ઉતારે ને પીયૂષ અંકલ તેને ફિલ્માવે તો સ્પીલબર્ગનાં બી હાજાં ગગડી જાય, યુ નો? જય બુદ્ધમ્! જય ક્વાન્ટમ્! ■

madhu.thaker@gmail.com

શું આપ મસાની તકલીફથી હેરાન પરેશાન છો?